For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

## નરાધમોએ બાળકની સામે જ દુષ્કર્મ કર્યું, મહિલા નિર્વસ્ત્ર હાલતમાં મળી

# સુરતમાં વધુ એક લૂંટ વિથ ગેંગરેપ

# મહારાષ્ટ્ર જતી મહિલાને ટ્રેનમાંથી ઉતારી 2 દિવસમાં 2 વાર ગેંગરેપ

**પોલીસે** ગણતરી કલાકમાં બે આરોપીની અટક કરી



સુરતઃ ઉત્રાણ વિસ્તારમાં વધુ એક ગેંગરેપ વિથ લૂંટની ઘટના સામે આવતા ચકચાર મચી જવા પામી છે. મહિલા તેના સાડાત્રણ વર્ષના બાળક સાથે પાલિતાણાથી મહારાષ્ટ્ર ટ્રેનમાં જઈ રહેલા યુવકે તેના પતિને ઓળખતો હોવાનું કહી મદદ કરવાને બહાને ઉધના સ્ટેશન પર ઉતારી દીધી હતી. જે બાદ સ્ટેશનથી ૧૦ કિમી દૂર લઈ જઈ તેની સાથે બે ઈસમો બળાત્કાર ગુજારી રોકડ અને મોબાઈલ ઝૂંટવી ફરાર થઈ ગયા હતા. મહિલા ગંભીર હાલતમાં એક રાહદારી મળતા તે તેને ઉત્રાણ પોલીસ પાસે લઈ જતા મામલો બહાર આવ્યો હતો.પોલીસે મહિલાને સારવાર માટે નવી સિવિલ ખાતે મોકલી આપી હતી.પોલીસે ગણતરી કલાકોમાં બે આરોપીઓની અટક કરી લીધી હતી.

પોલીસ પાસે મળતી માહિતી મુજબ ઉત્રાણ પોલીસ સ્ટેશન વિસ્તારમાં 12 માર્ચ 2025ના રોજ બપોરે એક વ્યક્તિ અર્ધ બેભાન મહિલાને લઈ પોલીસ સ્ટેશન પહોંચ્યો હતો. મહિલાને પોલીસે પૂછપરછ કરતા તેને પોતાની સાથે રેપ થયો હોવાનું જણાવ્યું હતું. પરંતુ તે પૂરતી વિગત આપતી ન હતી. મહિલાની હાલત ગંભીર હોવાથી તાત્કાલિક જ પોલીસની ટીમે તેને નવી સિવિલ હોસ્પિટલ લઈ ગઈ હતી અને સારવાર શરૂ કરી હતી. જ્યાં રાત્રે

...અનુસંધાન પાના 13 પર

### બંને આરોપી કચરો વીણવાનું કામ કરે છે

પકડાયેલા બંને આરોપીઓ કચરો વીણવાનું કામ કરે છે. મહિલાને મહારાષ્ટ્ર લઈ જવાનું વચન આપનાર હરેશ મહેશ વાઘેલા દેવીપુજક સમાજમાંથી આવે છે અને મૂળ ભાવનગરના નારી ચોકડી પાસે રસ્તા પર રહે છે. સુરતમાં તે કચરો વીણાવનું કામ કરે છે. રેલવે સ્ટેશન અને અવાવરૂ જગ્યા ઉપરથી તે કચરો વીણે છે. જ્યારે શંકર નામનો વ્યક્તિ મૂળ ઓડિશાનો છે અને તે પણ રેલવે સ્ટેશન અને આજુબાજુના વિસ્તારમાંથી કચરો અને પ્લાસ્ટિકની બોટલો વીણવાનું કામ કરે છે. હાલ તો પોલીસે બંને આરોપીઓની અટકાયત કરી છે.

### આરોપીઓએ મહિલાને માર મારી દુષ્કર્મ આચર્યું હતું

મહિલા સાથે મારપીટ કરી દુષ્કર્મ આચર્યું હતું હરેશ કચરો વીણવાનું કામ કરે છે અને મહિલાને લઈ તે ઉત્રાણ રેલવે સ્ટેશન પાસે અવાવરૂ જગ્યા પર મહિલાને લઈને પહોચ્યો હતો અને મહિલાને કહ્યું હતું કે, તમે અહીં રહો હું જમવાની વ્યવસ્થા કરૂં છું. ત્યાર બાદ મહિલા અને હરેશનો પરિવાર ત્યાં જ બેઠો હતો અને રાત્રે જમ્યા બાદ મહિલા સૂઈ ગઈ હતી. ત્યારે હરેશે મહિલા સાથે મારપીટ કરી દુષ્કર્મ આચર્યું હતું અને ધાક ધમકી આપી માર માર્યો હતો. અન્ય એક ઓડિશાના શખસે દુષ્કર્મ આચર્યું હતું મહિલાએ પોલીસને જણાવ્યું હતું કે, હરેશે મારી સાથે દુષ્કર્મ આચરી મારા કાનમાં અને નાકમાંથી સોનાની વસ્તુઓ હતી તે અને મોબાઈલ તથા રોકડ રૂપિયા લૂંટી લીધા હતા. હરેશ રેપ કરી જતો રહ્યો હતો. ત્યાર બાદ ત્યાં કચરો વીણતો મૂળ ઓડિશાનો શંકર નામનો વ્યક્તિ આવ્યો હતો અને તેણે પણ મને માર મારી દુષ્કર્મ આચર્યું હતું. પોલીસે બંને આરોપીની અટકાયત કરી પોલીસે તાત્કાલિક જ ઉત્રાણ પોલીસ મથકમાં ફરિયાદ નોંધી હરેશ અને શંકરને ઝડપી પાડ્યા હતા. આરોપીઓએ બળાત્કાર ગુજારી રોકડ અને મોબાઇલ પણ છીનવી લીધા હતાં. ડીસીપીએ જણાવ્યું હતું કે, મહિલાના શરીર પર ઈજાના

...અનુસંધાન પાના 13 પર

### પકડાયેલા આરોપીઓ

(1) હરેશ ઉર્ફે મીઠિયો મહેશભાઇ ધારસીભાઇ વાઘેલા (દેવીપૂજક) (ઉ.વ. 25, ધંધો, ભંગાર વિણવાનો, રહે. મનીષા ગરનાળા, સેન્ટોસા હાઇટ્સની સામે, શૌચાલયની બાજુમાં, બ્રિજની નીચે, ઉત્રાણ. મૂળ ભાવનગર, ગારિયાધાર, ગામ મફતપુરા)
(2) શંકર ઉર્ફે શંકર ટકલો ધનુ બાલી નાહક ( ઉ.વ. 48, ધંધો મજૂરી, રહે રહે. મનિષા ગરનાળા રોડ, રાઘે રેસિડેન્સીની સામે ફૂટપાથ ઉપર, ઉત્રાણ, મૂળ ઓરિસ્સા, જિલ્લો ગંજામ, તા બરખેડા, ગામ અરખાપુર)

### મહિલા રસ્તામાં અટવાઈ જતા પરિવારનો સંપર્ક થયો નહોતો

મહિલા ભાવનગરથી નીકળી મહારાષ્ટ્ર પહોંચવાની હતી, પરંતુ રસ્તામાં અટવાઈ જતા પરિવારનો સંપર્ક થયો નહોતો. જેથી પરિવાર પણ ચિંતામાં મુકાયો હતો અને મહિલાનો મોટો દીકરો અને તેમના પતિ મહારાષ્ટ્ર પહોંચ્યા હતા. ઉત્રાણ પોલીસે પરિવારનો સંપર્ક કરી ઘટના અંગે માહિતી આપી છે. જેથી તેમનો પરિવાર સુરત આવી રહ્યો છે.

## કોલેજોમાં હોળીના રંગે રંગાયા વિદ્યાર્થીઓ



કોઇ પણ તહેવાર હોય કોલેજીયનો તેને મનમૂકીને ઉજવવામાં કોઇ જ કસર બાકી રાખતા નથી આવો જ માહોલ સુરતમાં પણ જોવા મળ્યો હતો. કોલેજોમાં આજે ધૂળેટીની રજા હોય છે જેના કારણે જુદી જુદી કોલેજોમાં ગુરુવારે જ વિદ્યાર્થિઓ અને વિદ્યાર્થિનીઓ એક બીજાને રંગતા જોવા મળ્યા હતાં. **(તસવીર : હેમંત ડેરે)**



# સુરત એરપોર્ટ જલદી સપ્તરંગી બનશે : AAI ચેરમેન વિપિન કુમારની ખાતરી

**કેન્દ્રીય** જળશક્તિ મંત્રી પાટીલે નાગરિક ઉડ્ડયન મંત્રી નાયડુને કરેલી રજૂઆત પછી એરપોર્ટ ઓથોરિટીના ચેરમેન નિરીક્ષણ માટે સુરત આવ્યા

**ઇન્ટરનેશનલ** કાર્ગો ટર્મિનલ તથા અન્ય સુવિધાઓ ઊભી કરવા SGCCIની ચેરમેન વિપિન કુમાર સમક્ષ રજૂઆત

**સુરતથી** વર્ષે રૂ.2000 કરોડના સી ફૂડનું એક્સપોર્ટ થાય છે: વિજય મેવાવાલા

સુરતઃ કેન્દ્રીય જળશક્તિ મંત્રી સીઆર. પાટીલ દ્વારા કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી નાયડુને કરાયેલી રજૂઆત પછી એરપોર્ટ ઓથોરિટીનાં ચેરમેન વિપિન કુમાર નિરીક્ષણ માટે સુરત આવ્યા હતા. તેઓ સાથે BCASનાં અધિકારીઓ, કોમર્શિયલ વિભાગનાં અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યાં હતાં. એરપોર્ટ

...અનુસંધાન પાના 13 પર

### કેન્દ્રીય મંત્રી સી.આર. પાટીલે કયા કયા મુદ્દાની નાયડુને રજૂઆત કરી હતી??

- સુરત મુંબઈની ડેઇલી ફ્લાઇટ
- સુરત એરપોર્ટ પર ઈ-વિઝા ફેસિલિટી આપવી
- મેઇન ગેટ એન્ટ્રી પર ફોર લેન રોડ સુવિધા ઊભી કરવી
- પાર્કિંગ એરિયામાં સુરતની ઐતિહાસિક ઓળખ મુજબ ઓટોરિક્ષા સ્ટેન્ડ ઊભું કરવું
- 24 કલાક એરપોર્ટ પર ફ્લાઇટ ઓપેરશન માટે જરૂરી ATC સ્ટાફની ફાળવણી કરવી જેથી 8/8 કલાકની ત્રણ શિફ્ટમાં કામ થઈ શકે
- એરપોર્ટની ખુલ્લી જગ્યા PPP મોડ પર ડેવલપમેન્ટ માટે આપવી જેથી AAI ની ફંડની જરૂરિયાત પૂર્ણ થઈ શકે
- 400 + CISF સ્ટાફ માટે રહેવાની વ્યવસ્થા એરપોર્ટની નજીકના વિસ્તારમાં ઊભી કરવી
- નવા ઇન્ટિગ્રેટેડ ટર્મિનલ બિલ્ડિંગ અને જૂના ટર્મિનલ બિલ્ડિંગમાં બાકી કામ ઝડપથી પૂર્ણ કરવામાં આવે
- ચોમાસા અને શિયાળા દરમિયાન ધુમ્મસભર્યા વાતાવરણમાં સમયસર ફ્લાઇટ ટેક ઓફ અને

...અનુસંધાન પાના 13 પર

## અન્ય જ્ઞાતિના યુવક સાથેનો પ્રેમસંબંધ પરિવારને મંજૂર ન હતો

# ઓનર કિલિંગ: સુરતથી પાલિતાણા લઈ જઈ દીકરીની ગળું દબાવી હત્યા

**કાકાએ** માર માર્યો અને પિતાએ હત્યા કર્યા બાદ લાશને સ્મશાનમાં સળગાવી નાંખી

**નાની** પુત્રીની સામે જ હત્યા કરનાર પિતા અને કાકાની ધરપકડ

રાજકોટ : પાલીતાણા તાલુકાના રાણપરડા ગામમાં એક ચકચારી ઓનર કિલિંગની ઘટના સામે આવી છે, જેમાં 19 વર્ષીય યુવતીની તેના પિતા અને કાકાએ નિર્દયી રીતે હત્યા કરી નાંખી હતી. આ ઘટના 7મી માર્ચના રોજ સવારે 7થી 8 વાગ્યાના સમયગાળામાં બની હતી.

જલ્પા રાઠોડ નામની યુવતી અન્ય જ્ઞાતિના યુવક સાથેના પ્રેમ સંબંધમાં હતી, જે તેના પરિવાર માટે ઈજ્જતનો સવાલ બની ગઈ હતી. પિતા દીપક ધીરુભાઈ રાઠોડ અને કાકા ભાવસંગ ઉર્ફે લાલજી રાઠોડે આ સંબંધને કારણે



આ દીકરીનું ઓનર કિલિંગ કર્યુ હતું. ત્યારબાદ મૃતદેહને સ્મશાનમાં સળગાવી દીધો હતો. પોલીસે બંનેની ધરપકડ કરી છે.

જલ્પાબેનને તેના પિતા સુરતથી રાણપરડા ગામે લાવ્યા હતા. ત્યાં કાકા ભાવસંગે પ્રથમ તેને માર માર્યો હતો. ત્યારબાદ પિતાએ તેની પુત્રીનું ગળું દબાવીને મોતને ઘાટ ઉતારી દીધી. આ સમગ્ર ઘટના જલ્પાની નાની બહેનની સામે જ બની હતી. પિતાએ નાની બહેનને આ ઘટનાની જાણ કોઈને ન કરવા ધમકી આપી હતી.

હત્યા બાદ પિતા અને કાકાએ

...અનુસંધાન પાના 13 પર

# 64 વર્ષ બાદ રમઝાનમાં જુમ્માની નમાઝ અને ધૂળેટીનો રંગ એકસાથે જોવા મળશે

**કોમી** એખલાસ જાળવવા તમામ પીઆઇ અને સર્વેલન્સ સહિત સ્ટાફને નમાજ વખતે મસ્જિદ ફરતે રહેવા આદેશ

સુરત : આજે ધૂળેટી છે ઉપરાંત રમઝાનના પવિત્ર મહિનામાં જુમ્માની નમાઝ પણ છે. આવો સંજોગ 64 વર્ષ પછી ઊભો થઇ રહ્યો છે. આ બંને તહેવારોમાં કોમી એખલાસ જળવાઇ રહે તે માટે પોલીસે ખાસ બંદોબસ્ત ગોઠવ્યો છે. જે મુજબ જુમ્માની નમાઝ વખતે પીઆઈ અને પોલીસ સ્ટાફને મસ્જિદની આસપાસ ફરતાં રહેવાની સૂચના આપી છે.

ડીસીબી અને એસઓજીની ટીમોને લિંબાયત, રાંદેર, રસૂલાબાદ, ઉન, પરવટ પાટિયા જેવા વિસ્તારોમાં પોલીસ ખડકી દેવાયા છે. આ ઉપરાંત તમામ પીઆઈઓને તેમના વિસ્તારોમાં સવારથી જ મસ્જિદ અને લઘુમતિ વિસ્તારોમાં પોલીસ ખડકી દેવામા તથા સીસીટીવી કેમેરા લગાડવા માટે આદેશ અપાયા છે. દરમિયાન શહેરમા લઘુમતિ વિસ્તારોમાં આ માટે ખાસ તકેદારી રાખવામાં આવી રહી હોવાની વિગતો પોલીસ કમિશનર અનુપમસિંહ ગહલૌત જણાવી હતી. તેઓએ જણાવ્યું કે, સુરતમાં જ્યાં લઘુમતિઓ છે તેવા સંવેદનશીલ વિસ્તારોમાં પોલીસ ટૂકડીઓ મૂકવામાં આવી છે. આ ઉપરાંત લઘુમતિ કોમના જે તે આગેવાનો સાથે મિટીંગો કરવામા આવી છે. દરમિયાન કોમી માહોલ નહી બગડે તે માટે 400 કરતા વધારે માથાભારે લોકોને પકડવામાં આવ્યા

...અનુસંધાન પાના 13 પર

# માત્ર 15 જ મિનિટમાં ATM તોડી 15 લાખ રોકડાની ચોરી

**જહાંગીરપુરામાં** કેમેરા પર બ્લેક સ્પ્રે છાંટ્યું ને પંદર જ મિનિટમાં રોકડ તફડાવી તમામ રફુચક્કર

**પેટ્રોલિંગમાં** આવેલી પોલીસ વેન ગઇ પછી ચોરીને અંજામ આપ્યો





સુરતઃ જહાંગીરપુરામાં ચોરીની અનોખી ઘટના સામે આવી છે, જ્યાં માત્ર 15 મિનિટમાં 15 લાખ રૂપિયાની ચોરી કરી તસ્કરો બોલેરો કારમાં ફરાર થઈ ગયા હતા. આ ઘટનાએ શહેરની સુરક્ષા વ્યવસ્થા સામે સવાલો ઉભા કર્યા છે. આ ઘટનાને પગલે સ્થાનિક પોલીસ સહિત ક્રાઇમ બ્રાન્ચે આરોપીઓની શોધખોળ શરૂ કરી છે.

મળતી માહિતી મુજબ જહાંગીરપુરાની અંકુર સોસાયટીના મકાન નંબર ૨૧ની પાછળ SBI બેંકના એટીએમને ગત મોડી રાત્રે તસ્કરોએ કટર વડે તોડી રોકડની ચોરી કરી ફરાર થઈ ગયા છે. પાંચ જેટલા ઈસમે મોઢા પર માસ્ક બાંધીને ચોરીને અંજામ આપ્યો હતો. ચોરીની સમગ્ર ઘટના સીસીટીવીમાં કેદ થઈ હતી, જેમાં માલમ પડ્યું હતું કે ગત મોડી રાત્રે પાંચ લોકો બોલેરો કારમાં આવ્યા હતા. જેમાંથી એક તસ્કર મોઢા પર ઓઢણી બાંધી એટીએમમાં જાય છે અને સીસીટીવી કેમેરામાં કેદ ન થઈ જાય તે માટે સીસીટીવી પર બ્લેક સ્પ્રે છાંટીને કૃત્ય છુપાવવાનો પ્રયાસ કરે છે.

આ દરમિયાન એટીએમની બહાર ચાર તસ્કરો તેની રાહ જોઈ રહ્યા હતા. ચોરીને અંજામ આપતા પહેલા તસ્કરો ત્યાં પહોંચ્યા ત્યારે પેટ્રોલિંગ માટે પીસીઆર વેન પસાર થઈ હતી. તસ્કરોએ સાવચેતીરૂપે થોડીવાર રાહ જોઈ અને પીસીઆર વેન ત્યાંથી જતાં જ ચોરીનું પ્લાનિંગ અમલમાં મૂક્યું. એક શખ્સ કારમાંથી ઉતરીને એટીએમમાં ઘૂસ્યો અને કટર વડે એટીએમ તોડીને 15 લાખની રોકડ ચોરી હતી.

વહેલી સવારે સિક્યુરિટી એજન્સીને

...અનુસંધાન પાના 13 પર

## અમરોલીમાં વિધર્મી યુવકે બાળકીની છેડતી કરી મારી નાંખવાની ધમકી આપી

સુરતઃશહેરના સચિનના નાની નરોલી ખાતે રહેતા પરિચિત વિધર્મી યુવકે અમરોલી વિસ્તારમાં રહેતી કિશોરીને શારીરિક અડપલાં કર્યા હતા.એટલું જ નહી પરંતુ જો આ વાતની જાણ તેની મમ્મીને કરશે તો મારી નાંખવાની ધમકી પણ આપી હતી.

અમરોલી પોલીસ પાસેથી મળતી વિગતો મુજબ શહેરના અમરોલી વિસ્તારમાં એક પરિવાર રહે છે. તેમના ઘરે સચિનના નાની નરોલી ખાતે રહેતો ઈમ્તિયાઝ ઈબ્રાહીમ આંધી નામનો પરિચિત યુવક અવારનવાર આવતો હતો. આ દરમિયાન તેમણે પરિચિત ના ઘરમાં રહેલ ૧૨ વર્ષની બાળકી પર દાનત બગાડી હતી. ગત તા.૧૨ માર્ચ ૨૦૨૫ ના અઠવાડિયા પહેલા રાત્રિના સમયગાળા દરમિયાન ઈમ્તિયાઝ પરિવારને મળવા માટે આવ્યો હતો ત્યારે એકલતાનો લાભ ઉઠાવી તેણે બાળકીના શરીર સાથે શારીરિક અડપલા કર્યા હતા અને જો આ બાબતે કોઈને જાણ કરશે તો જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. જોકે બાળકીએ પોતાની

...અનુસંધાન પાના 13 પર

# કેન્દ્ર સરકારે સુરતની વર્કિંગ વિમેન્સના જીવનમાં રંગ પૂર્યો, બે નવી હોસ્ટેલ બનાવાશે

**તમામ** સુવિધાઓ સાથે વર્કિંગ વિમેન્સ હોસ્ટલ બને તે માટે રૂ.66.92 કરોડ ફાળવ્યા

સુરતઃ ગુજરાતની મહિલાઓ પુરુષ સમોવડી થઈને પોતાના ગામ-શહેરથી દૂર જઈને અન્ય શહેરોમાં કામગીરી કરી રહી છે. આવી વર્કિંગ મહિલાઓ માટે ગુજરાત રાજ્ય સરકાર અમદાવાદ, ગાંધીનગર, રાજકોટમાં એક-એક અને વડોદરા-સુરતમાં બે-બે મળીને કુલ 7 વર્કિંગ

...અનુસંધાન પાના 13 પર

### શું સુવિધાઓ હશે?

આ વર્કીંગ વિમેન્સ હોસ્ટેલ અદ્યતન સુવિધાયુક્ત હશે. જેમાં જીમ, લાયબ્રેરી, મલ્ટીપર્પઝ હોલ, ડે-કેર સેન્ટરસ કેન્ટીન, યોગા સ્ટુડિયો, મેડીટેશન સેન્ટર, ગાર્ડન, ટુ-વ્હીલર તેમજ ફોર-વ્હીલર પાર્કીંગ વ્યવસ્થા, ડોરમેટ્રી, સીંગલ રૂમ, 2 પર્સન રીમ, સીંગલ સ્ટુડીયો રૂમ, શેરીંગ રૂમ, વિવિધ પ્રકારના રૂમની વ્યવસ્થા હશે. તેમજ મેડીકલ વ્યવસ્થા, સીસીટીવી કેમેરા સુવિધા, વાઈ-ફાઈ, રાઉન્ડ ધ ક્લોક સીક્યુરિટી જેવી તમામ સુવિધાઓ આપવામાં આવશે.


**અવસાન, બેસણું, શ્રધ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા**

ફિક્સ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧

| છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|
| ₹૧૮૦૦/- | ₹૧૫૦૦/- | ₹૨૫૦૦/- |

| ફિક્સ્ડ સાઈઝ ૧૦×૨ | છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|---|
| | ₹૪૫૦૦/- | ₹૩૦૦૦/- | ₹૫૨૦૦/- |

(+GST EXTRA)

ગુજરાતમિત્ર
જાહેરાત માટે મળો : ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત.
ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦



છઠ્ઠી પૂણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



સ્વ. હરેન્દ્રસિંહ હિંમતસિંહ પરમાર
સ્વ. તા. ૧૪.૦૩.૨૦૧૯

સ્નેહના સાગર સમા હર કોઈને પોતાના ગણી,
પોતાના પ્રેમાળ હૈયાથી ઓળખનારા, આપનો હસતો ચહેરો, પ્રેમાળ સ્વભાવ
અમારા માટે પ્રેરણાદાયક રહેશે. પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના.

લિ.
ગં.સ્વ. સુનીતાબેન હરેન્દ્રસિંહ પરમાર



પ્રાર્થના સભા



દિલગીરી સહ જણાવવાનું કે અમારા પરમ વંદનીય માતૃશ્રી

ઇંદિરાબેન સુરેશચંદ્ર શાહ

તા.૧૦/૦૩/૨૦૨૫ ને સોમવારના રોજ અરિહંત શરણ થયેલ છે.

પ્રાર્થના સભા

તારીખ: ૧૫/૦૩/૨૦૨૫, શનિવાર
સમય: સવારે ૧૦.૩૦ થી ૧૨.૩૦

સ્થળ - પ્લેટિનમ હૉલ, સુરત ઇન્ટરનેશનલ એક્ઝિબિશન એન્ડ કન્વેન્શન સેન્ટર, સરસાણા, સુરત.

સુરેશચંદ્ર જીવરાજ શાહ - પરિવાર
જીવરાજ ચા